અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે

વાર્ષિક દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા વાર્ષિક દિવસ અને તૃતિય વર્ષના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભના અધ્યક્ષ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે સીએ હર્ષિલ પટેલ, સીએ સાગર વસોયા અને ચિરાગ જોશી ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ ઉપસ્થિત મહેમાનો તથા વિદ્યાર્થીઓને આવકારી વર્ષ દરમિયાન કૉલેજે કરેલી પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા. સીએ હર્ષિલ પટેલ અને સાગર વસોયાએ વાર્તા અને દૃષ્ટાંતો દ્વારા કૉલેજ પછી સફળતાની કેડીઓ કઈ રીતે કંડારી શકાય તે સમજાવ્યું હતું. ચિરાગ જોશીએ કૉલેજ દ્વારા જીવન ઘડતરની વાત કરી હતી. કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને ટ્રૉફી અને મૅડલથી સન્માનવામાં આવ્યા હતા. તૃતિય વર્ષના વિદ્યાર્થીઓને વિદાય નિમિત્તે પ્રથમ વર્ષ અને દ્વિતિય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે આભાર વિધિ ડૉ. રણછોડ રથવી દ્વારા અને કાર્યક્રમ આયોજન તથા સંચાલન ડૉ. જિજ્ઞેશ પટેલ, ડૉ. નીના ગણેશન, પ્રૉ. નયના રંગવાલા, ડૉ. પૂનમ લોહાણા, પ્રૉ. ખુશ્બુ પટેલ, ડૉ. સોનલ લેન્ડે અને પ્રૉ. રાજેન્દ્રસિંહ મંડલા દ્વારા કરવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

સાગરદાન ગઢવી

રેણુબેન ઠીંગરા
લાયોનેસ ક્લબ

બાપુ ગુજરાત નૉલેજ વિલેજ કૅમ્પસમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર માણસા-હાઈવે પર સ્થિત બાપુ ગુજરાત નૉલેજ વિલેજ કૅમ્પસની સમગ્ર સંસ્થાઓ - ટેકવોલોજી, ફાર્મસી, સાયન્સ, કૉમર્સ તથા નર્સિંગનાં મહિલા કર્મચારીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવી હતી.

કાર્યક્રમ અંતર્ગત કૅમ્પસના વુમન ડેવલપમેન્ટ સેલનાં પ્રમુખ પ્રૉ. કિનલ, ટેકનોલોજી કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધ્વર્યુ, નર્સિંગ કૉલેજનાં પ્રિન્સિપાલ પ્રૉ. જ્યોત્સ્ના પંડ્યા અને સઘળી કૉલેજનાં મહિલા કર્મચારીઓએ એકજૂથ થઈ વૈશ્વિક મહિલા સશક્તિકરણ માટે પોતાનો ફાળો આપ્યો હતો. કૅમ્પસ ડિરેક્ટર પ્રૉ. રવિકુમારે આ સફળ ઉજવણી બદલ મહિલાઓને અભિનંદન પાઠવ્યા હતા.

ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી

ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ એસ જી દેસાઈ, અતિથિ વિશેષ તરીકે પીએસઆઈ ઉર્વશીબેન પટેલ, કાર્યકારી કુલસચિવ ડૉ. કમલામણી રાવ, નાણાં અને હિસાબી અધિકારી આર જે શાહ, તમામ અધ્યાપકો અને વિવિધ અનુસ્નાતક વિભાગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમના દ્વારા કાવ્યપઠન, ગીત અને નાટિકા રજૂ કરવામાં આવી હતી. એમએસડબલ્યુનાં અધ્યાપક ડૉ. ક્રિષ્ટિના પરમાર દ્વારા કાર્યક્રમની ભૂમિકા રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આભારવિધિ સમજકાર્ય વિભાગના અધ્યાપક નિલેશભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંકલન આસી. પ્રૉફેસર ડૉ. રૂપમબહેન અને ડૉ. ક્રિષ્ટિનાબહેન દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે જીકે-આઈક્યૂ ટેસ્ટ

ગાંધીનગર, તા. ૯

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે પ્રતિવર્ષ ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે જીકે, આઈક્યૂ ટેસ્ટ યોજવામાં આવે છે.

આ વર્ષે લેવામાં આવેલી આ ટેસ્ટમાં ૨૨૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે ઋત્વિજ ચૌહાણ, દ્વિતિય ક્રમે ચિંતન હાડિયા અને તૃતિય ક્રમે વૃંદા ગામેતી ઉત્તીર્ણ થયા હતા. સમગ્ર પરીક્ષાનું સંચાલન આશાબેન મહેતા, દીપમાલાબેન પાર્થસારથિ અને બ્રિજેશાબેન ચૌધરીએ કર્યું હતું. આચાર્ય મીનાબેન ચૌધરીએ જનરલ નૉલેજની જરૂરિયાત ઉપર ભાર મૂકી વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા.

શરમની વાત

॥ બીજો મણકો ॥

કુટુંબના મિત્ર વૈદ્ય વચમાં આવ્યા અને એમણે પિતાજીની ઉત્તરાવસ્થામાં તેવી શસ્ત્રક્રિયા નાપસંદ કરી. અનેક પ્રકારની બાટલીઓ લીધેલી વ્યર્થ ગઈ અને શસ્ત્રક્રિયા ન થઈ. વૈદ્યરાજ બાહોશ, નામાંકિત હતા. મને લાગે છે કે જો તેમણે શસ્ત્રક્રિયા થવા દીધી હોત તો ઘા રુઝાવામાં અડચણ ન આવત. શસ્ત્રક્રિયા મુંબઈના તે સમયના પ્રખ્યાત સર્જન મારફત થવાની હતી. પણ અંત નજીક આવ્યો હતો એટલે યોગ્ય પગલું શાનું ભરાય ? પિતાશ્રી મુંબઈથી શસ્ત્રક્રિયા કરાવ્યા વિના અને તેને અંગે ખરીદેલો સામાન સાથે લઈને પાછા ફર્યા. તેમણે વધુ જીવવાની આશા છોડી દીધી. નબળાઈ વધતી ગઈ અને દરેક ક્રિયા બિછાનામાં જ કરવી પડે એ સ્થિતિ આવી પહોંચી, પણ છેવટે લગી તેમણે એમ કરવાનો વિરોધ જ કર્યો, અને પરિશ્રમ ઉઠાવવાનો આગ્રહ રાખ્યો. વૈષ્ણવધર્મનું એ આકરું શાસન છે. બાહ્ય શુદ્ધિ અતિ આવશ્યક છે, પણ પાશ્ચાત્ય વૈદ્યકશાસ્ત્રે શીખવ્યું છે કે, મળત્યાગાદિની તથા સ્નાનાદિની બધી ક્રિયાઓ બિછાને પડયાં પડયાં પણ સંપૂર્ણ સ્વચ્છતાથી થઈ શકે છે, ને રોગીને કષ્ટ ઉઠાવવું પડતું નથી; જ્યારે જુઓ ત્યારે તેનું બિછાનું સ્વચ્છ જ હોય. આમ સચવાયેલી સ્વચ્છતાને હું તો વૈષ્ણવધર્મને નામે જ ઓળખું. પણ આ સમયે પિતાજીનો સ્નાનાદિને સારુ બિછાનાનો ત્યાગ કરવાનો આગ્રહ જોઈ હું તો આશ્ચર્યચકિત જ થતો અને મનમાં તેમની સ્તુતિ કર્યા કરતો.

અવસાનની ઘોર રાત્રિ નજીક આવી. આ વખતે મારા કાકાશ્રી રાજકોટમાં હતા. મને કંઈક એવું સ્મરણ છે કે પિતાશ્રીની માંદગી વધતી જાય છે એવા સમાચાર મળવાથી જ તેઓ આવેલા. બન્ને ભાઈઓની વચ્ચે ગાઢ પ્રેમભાવ વર્તાતો હતો. કાકાશ્રી આખો દિવસ પિતાશ્રીના બિછાનાની પાસે જ બેસી રહે અને અમને બધાને સૂવાની રજા આપી પોતે પિતાશ્રીના બિછાનાની પાસે સૂએ. કોઈને એવું તો હતું જ નહીં કે આ રાત્રિ આખરની નીવડશે. ભય તો સદાય રહ્યા કરતો હતો. રાતના સાડાદસ કે અગિયાર થયા હશે. હું પગચંપી કરી રહ્યો હતો. કાકાશ્રીએ મને કહ્યું, 'તું જા, હવે હું બેસીશ.' હું રાજી થયો ને સીધો શયનગૃહમાં ગયો. સ્ત્રી તો બિચારી ભરઊંઘમાં હતી. પણ હું શાનો સૂવા દઉં ? મેં જગાડી. પાંચ-સાત મિનિટ થઈ હશે. તેટલામાં જે નોકરને વિશે હું લખી ગયો તેણે કમાડ ઠોકયું. મને ફાળ પડી. હું ચમકયો. 'ઊઠ, બાપુ બહુ બિમાર છે,' એમ નોકરે કહ્યું. બહુ બીમાર તો હતા જ એ હું જાણતો હતો, એટલે અહીં 'બહુ બીમાર'નો વિશેષ અર્થ હું સમજી ગયો. બિછાનામાંથી એકદમ કૂદી પડયો.

'શું છે કહે તો ખરો ? '

'બાપુ ગુજરી ગયા ! ' જવાબ મળ્યો.

હવે હું પશ્ચાતાપ કરું એ શું કામ આવે ? હું બહુ શરમાયો, બહુ દુઃખી થયો. પિતાશ્રીની ઓરડીમાં દોડી ગયો. હું સમજયો કે જો હું વિષયાંધ ન હોત તો આ છેવટની ઘડીએ મારે નસીબે વિયોગ ન હોત, અને હું પિતાજીની અંતની ઘડીએ પગચંપી કરતો હોત. હવે તો મારે કાકાશ્રીને મુખથી જ સાંભળવું રહ્યું : 'બાપુ તો આપણને મૂકીને ચાલ્યા ગયા.' પોતાના વડીલ ભાઈના પરમ ભકત કાકા છેવટની સેવાનું માન લઈ ગયા. પિતાશ્રીને પોતાના અવસાનની આગાહી થઈ ચૂકી હતી. તેમણે સાન કરીને લખવાની સામગ્રી માગેલી. કાગળમાં તેમણે લખ્યું : 'તૈયારી કરો.' આટલું લખીને પોતાને હાથે માદળિયું બાંધેલું હતું તે તોડીને ફેકયું. સોનાની કંઠી હતી તે પણ તોડીને ફેંકી. એક ક્ષણમાં આત્મા ઊડી ગયો.

મારી જે શરમનો ઈશારો મેં આગલા પ્રકરણમાં કરેલો છે તે આ શરમ, - સેવાને સમયે પણ વિષયેચ્છા. એ કાળો ડાઘ હું આજ સુધી ઘસી શકયો નથી, ભૂલી શકયો નથી. અને મેં હંમેશાં માન્યું છે કે જોકે માતપિતા પ્રત્યેની મારી ભકિત પાર વિનાની હતી, તેને સારું હું બધું છોડી શકતો, પણ તે સેવાને સમયે સુધ્ધાં મારું મન વિષયને છોડી શકતું નહોતું એ, તે સેવામાં રહેલી અક્ષમ્ય ઊણપ હતી. તેથી જ મેં મને એકપત્નીવ્રતનો પાળનાર માનવા છતાં વિષયાંધ માનેલો છે. એમાંથી છૂટતાં મને ઘણો સમય ગયો, અને છૂટતા પહેલાં ઘણાં ધર્મસંકટો વેઠવા પડયાં.

આ મારી બેવડી શરમનું પ્રકરણ પૂરું કરતાં પહેલાં એ પણ કહી જાઉં કે પત્નીને જે બાળક અવતર્યું તે બે કે ચાર દિવસ શ્વાસ લઈને ચાલ્યું ગયું. બીજું પરિણામ શું હોઈ શકે ? જે માબાપોને અથવા તો જે બાલદંપતીને ચેતવું હોય તે આ દષ્ટાંતથી ચેતો.

'સત્યના પ્રયોગો'માંથી સાભાર

શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં વિદ્યાર્થી શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં અભ્યાસ કરતી ધોરણ-૮ની ૩૪૩ વિદ્યાર્થિની બહેનો માટે શુભેચ્છા સમારોહ શાળાના કેમ્પસમાં સ્થિત પીટીસી કૉલેજના સેમિનાર હોલમાં યોજવામાં આવ્યો હતો.

દરેક વર્ગમાંથી એક વિદ્યાર્થિનીએ પોતાના શાળા સાથેના અનુભવો અભિવ્યક્ત કર્યા હતા. શિક્ષકો દ્વારા વિવિધ વિષયો અન્વયે વક્તવ્યો આપવામાં આવ્યાં હતાં. આચાર્ય નીરૂબેન પટેલ તથા સુપરવાઈઝર ભગવતીબેન એસ પટેલે વિદ્યાર્થિનીઓને ભવિષ્યમાં ખૂબ ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત કરી શાળા, સંસ્થા અને માતાપિતાનું નામ રોશન કરે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એચવી અને વીએમ બાલમંદિર દ્વારા મહિલા દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષકો દ્વારા સૈનિકો માટેનું લોકપ્રિય ગીત 'સંદેશે આતે હૈં' રજૂ કરવામાં આવ્યું હતું. શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ સેકન્ડરી અને શ્રીમતી ઍસ બી પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થિનીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમનું સંચાલન સુપરવાઈઝર રમેશભાઈ જી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સ્મિત મ્યુઝિક દ્વારા સ્ટેજ કાર્યક્રમ યોજાયો

સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી ગુજરાતી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ 'આવો ગાવો વ્યસન ભગાવો' ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. ગાંધીનગર શહેરના કલાકારોએ સુંદર રજૂઆતો કરી પ્રેક્ષકોને મોજ કરાવી હતી. જગતભાઈ કારાણી, રમજુભા જાડેજા, સુશીલાબા જાડેજા, સંજય થોરાત, પદમસિંહ વગેરે મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.